જા.ક્ર.:મા-૨/૨૦૨૪/ ૫૩૪૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-3, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત,
તા.૧૩/૦૫/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ. સુરત.

આ સાથે સામેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૦૯/૦૫/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: મઉમશબ/સંશોધન/૨૦૨૪/૧૫૬૩-૯૭ની જાણ તથા અમલવારી સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત

અગત્યનું

ધોરણ-૧૧ (વિ.પ્ર.) પ્રવેશ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/1563-97
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૯/૦૫/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે.
સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬, તા.૧૯/૦૬/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તા.૧૯/૦૬/૨૦૧૯ના અત્રેનાં પત્રની નકલ આ સાથે સામેલ છે.

આ ઉપરાંત, શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે શિક્ષણ વિભાગના તા.૦૨/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૯/૮૫૭/છ થી જણાવ્યા મુજબ નીચેની બાબત ધ્યાને લેવાની રહેશે.

1. જે વિદ્યાર્થીએ ધોરણ-૧૦ ગણિત બેઝિક સાથે પાસ કરેલ હોય તે ધોરણ-૧૧ માં વિજ્ઞાન પ્રવાહમાં "B" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે પરંતુ "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે નહિ.
2. ધોરણ-૧૦ માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે.

આ ઉપરાંત, CBSE બોર્ડમાં જે વિદ્યાર્થીએ ધોરણ-૧૦માં Mathematic Basic સાથે પાસ કરેલ હોય તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં "B" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ "A" અથવા "AB" ગૃપમાં પ્રવેશ મેળવી શકશે નહી.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇને શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ માં ધોરણ-૧૧ (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ) શાળાઓને સૂચના આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

બિડાણ :- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

[illegible] વર્ષ ૨૦૨૪-૨૫ મા ધો ૧૧ વિ પ્ર મા પ્રવેશ અંગે [illegible]

અગત્યનું

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૯/ ૨૨૦૦-૩૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૬/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ઉચ્ચતર માધ્યમિક ધોરણ-૧૧(વિજ્ઞાન પ્રવાહ)માં શૈક્ષણિક સત્ર જુન-૨૦૧૯ થી પ્રવેશ અંગે.

સંદર્ભ:-
૧. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ઉમશ-૧૧૯૭-૧૨૦૩-ગ-૧. તા.૧૦/૦૬/૯૭.
૨. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ-૨૦૦૦-૧૦૪૯-છ. તા.૩૦/૦૫/૨૦૦૦.
૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:-મઉમશબ/સંશોધન/બઢતી/૨૬૨૫૦ તા.૨૪/૦૫/૨૦૦૪
૪. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૯/૧૨૯/૨ તા.૦૮/૦૩/૨૦૧૯.
૫. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ઠરાવ ક્રમાંક:EWS/૧૨૨૦૧૯/૪૫૯૦૩/A તા.૨૩/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૪/૦૫/૨૦૦૪ના પત્રથી રાજ્યની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓને અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવા બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઈ મુજબ હાલની સૂચનાઓમાં ફેરફાર કરી નીચે દર્શાવ્યા મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ત્રણ મુખ્ય વિષયો [ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)] માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી. તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| ૧ | - અનુસૂચિત જાતિ (૭%) | ૦૫ |
| ૨ | - અનુસૂચિત જનજાતિ (૧૫%) | ૧૧ |
| ૩ | - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (૨૭%) | ૨૦ |
| ૪ | - આર્થિક રીતે નબળા વર્ગો (EWS) (૧૦%) | ૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૫ | - | પોતાની શાળા | ૨૫ |
| ૬ | - | અન્ય શાળાના (જે શાળામાં ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધો-૧૦ પાસ વિદ્યાર્થીઓ માટે) | ૦૬ |
| | | કુલ | ૭૫ |

ઉક્ત જોગવાઇ ફક્ત ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટે જ લાગુ પાડવાની રહેશે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજપરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- નાયબ નિયામક (પરીક્ષા), (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)